**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૩ ટકા

# આજથી કુડાસણ વિસ્તારમાં ૧૭મી સુધી સંપૂર્ણ શટડાઉન

## માત્ર દૂધ અને દવા સિવાયના તમામ વેપાર-ધંધા બંધ રહેશે : શાકભાજી-અનાજ-કરિયાણાનું વેચાણ પણ નહીં થઈ શકે

## ગાંધીનગર સાથે જોડાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં વિકસેલા નવા અર્બન વિસ્તારોમાં સંક્રમણ વધવાથી ગ્રામ્ય જનતા ચિંતિત બની

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકામાં કોરોના સંક્રમણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ગાંધીનગરના ગુડા વિસ્તાર કુડાસણમાં પણ એક પછી એક કોરોના પોઝિટિવ કેસો આવ્યા બાદ કુડાસણ ગામના સરપંચ સહિત ગામના હોદ્દેદારો અને અગ્રણીઓ ચિંતિત બન્યાં છે. આ સ્થિતિમાં આજે રોજ કુડાસણ ગ્રામ પંચાયત દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે આજ સાંજે ૮ કલાકથી લોકડાઉન-૩ના અંતિમ દિવસ તા.૧૭મી મે સુધી કુડાસણ ગ્રામ પંચાયતની હદમાં માત્ર દૂધ અને દવા સિવાય અનાજ, કરિયાણા, શાકભાજી, ફળફળાદિ સહિત તમામ દુકાનો-વેપાર બંધ રાખવામાં આવશે અને બાકી બધી જ દુકાનો બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે.

કુડાસણમાં આજે કોરોના કોવિદ-૧૯ના વધુ ૩ કેસ પોઝિટિવ આવ્યા હતા જેના પગલે સમગ્ર કુડાસણ વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. કુડાસણમાં સતત વધતાં જતાં કોરોના સંક્રમણને પગલે કુડાસણ ગ્રામ પંચાયત દ્વારા આગામી તારીખ ૧૭મી મે સુધી ગ્રામ પંચાયતની હદમાં દૂધ અને દવા સિવાયના તમામ વેપાર-ધંધા બંધ રાખવાનો અને સંપૂર્ણ લોકડાઉનની સ્થિતિ પાળવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે વેપારી કે ફેરિયો આ આદેશનું ઉલ્લંઘન કરશે તેની સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે તેવી ચીમકી ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કોરોના કોવિદ-૧૯ના ગાંધીનગર સાથે જોડાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં વિકસેલા નવા અર્બન વિસ્તારોમાં વધી રહેલા કોરોના કહેરને પગલે ગ્રામ્ય વિસ્તારની જનતામાં ચિંતાનો માહોલ વધતો જણાઈ રહ્યો છે જેને અનુલક્ષીને ગ્રામ પંચાયતો દ્વારા આકરા પગલાં લેવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે વાવોલમાં પણ સોસાયટી વિસ્તારમાં પણ બે કોરોના પોઝિટિવ કેસો આવતા વાવોલ ગ્રામ પંચાયત દ્વારા ત્રણ દિવસ વાવોલના બજારો દૂધ અને દવા સિવાયના વેપાર માટે બંધ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને હવે આ સ્થિતિ કુડાસણ ખાતે પણ જોવા મળી રહી છે જેમાં તા. ૧૭મી મે સુધી સમગ્ર કુડાસણ ગ્રામ પંચાયતની હદમાં આવતા વિસ્તારમાં દૂધ અને દવા સિવાયના વેપાર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.




### કુડાસણમાં ખરીદી માટે બજારમાં ભીડ ઉમટી

કુડાસણ ગ્રામ પંચાયતની હદમાં તા. ૧૭મી મે સુધી દૂધ-દવા સિવાયના તમામ વેપાર બંધ રાખવાનો આદેશ આપ્યો છે અને સાથે સાથે નાગરિકોને ઘરની બહાર નહીં નીકળવા તથા સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે. જો કે કુડાસણમાં હવે ૯ દિવસ સુધી તમામ બજાર બંધ રહેવાના હોવાથી શુક્રવારે ખરીદી માટે સાંજે નાગરિકોની ભીડ ઉમટી પડી હતી જેના કારણે સોશિયલ ડિસ્ટન્સ જાળવવું અઘરું થઈ પડયું હતું.

### રાંદેસણમાં પણ શનિવાર સાંજથી ૧૭મી સુધી સંપૂર્ણ લોકડાઉન

ગાંધીનગર તાલુકામાં સતત વધી રહેલા કોરોના સંક્રમણને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. ગુડા વિસ્તાર કુડાસણ બાદ હવે રાંદેસણમાં ગ્રામ પંચાયત તા. ૯મી મે શનિવાર સાંજના ૮ કલાકથી આગામી તા. ૧૭મી મે સુધી સંપૂર્ણ લોકડાઉન પાળવામાં આવશે અને રાંદેસણ ગ્રામ પંચાયતની હદમાં માત્ર દૂધ અને દવા સિવાય અનાજ, કરિયાણા, શાકભાજી, ફળફળાદિ સહિત તમામ દુકાનો-વેપાર બંધ રાખવામાં આવશે અને બાકી બધી જ દુકાનો બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. જે વેપારી કે ફેરિયો આ આદેશનું ઉલ્લંઘન કરશે તેની સામે કાયદેસરના પગલાં ભરવામાં આવશે તેવી ચીમકી ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવી છે.

# વડનગરા નાગર મંડળ દ્વારા વિવિધ ઓનલાઈન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૮

કોરોના અને લૉકડાઉનને ધ્યાનમાં લઈને શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર દ્વારા ગત એપ્રિલ માસમાં ઓનલાઈન વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તેમજ પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ ઉપરાંત તમામ કેટેગરીઓની કૃતિઓમાં નિર્ણાયકો દ્વારા શ્રેષ્ઠ કૃતિ પસંદ કરવામાં આવી છે.

જે અંતર્ગત વકતૃત્વ સ્પર્ધામાં ગ્રુપઃ ૧ (૫ થી ૧૨ વર્ષ)માં પ્રથમ ક્રમે કનિષ્કા ઓઝા જયારે ગ્રુપઃ ૨ (૧૩ થી ૨૬ વર્ષ)માં પ્રથમ ક્રમે મિહિત વૈદ્ય તથા દ્વિતિય ક્રમે સ્તુતિ ઓઝા અને ગ્રુપઃ૩ (૨૬ વર્ષ કે તેથી વધુ)માં પ્રથમ ક્રમે દીપલ નાણાવટી વિજેતા રહ્યા હતા.

જયારે નિબંધ સ્પર્ધામાં ગ્રુપઃ૧ (૫ થી ૧૨ વર્ષ)માં પ્રથમ ક્રમે પલાશ અંજારિયા જયારે ગ્રુપઃ૨ (૧૩ થી ૨૬ વર્ષ)માં પ્રથમ ક્રમે ડો.કૌશા નાણાવટી અને દ્વિતિય ક્રમે મૃદંગ રાણા તથા ગ્રુપઃ૩ (૨૬ વર્ષ કે તેથી વધુ)માં પ્રથમ ક્રમે મોહનીશ વસાવડા અને દ્વિતિય ક્રમે વત્સલ વોરા વિજેતા બન્યા હતા.

પોસ્ટર સ્પર્ધામાં ગ્રુપઃ એ (૫ થી ૧૦ વર્ષ)માં પ્રથમ ક્રમે મીરા પંડયા અને વાહીન બુચ જયારે ગ્રુપઃ બી ( ૧૧ થી ૨૧ વર્ષ)માં પ્રથમ ક્રમે તત્સત વસાવડા તથા ગ્રુપઃ સી (૨૧ વર્ષ કે તેથી વધુ)માં પ્રથમ ક્રમે ધ્યાની વોરા તથા દ્વિતિય ક્રમે હિમા વોરા વિજેતા બન્યા હતા.

શ્રી વડનગરા નાગર મંડળ દ્વારા આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકો તથા પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવનાર વિજેતા સ્પર્ધકોને ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ ઉપરાંત તમામ વિજેતા સ્પર્ધકને શ્રી મંડળ અભિવાદન સમારંભમાં પારિતોષિકથી પણ પુરસ્કૃત કરવામાં આવશે તેમ શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગરની કારોબારી સમિતિ દ્વારા જણાવાયું છે.



સામાન્ય દિવસોમાં ગાંધીનગર શહેર હંમેશા ધમધમતું રહે છે. એમાંય ઘ રોડ જેવા મુખ્ય માર્ગ પર મોડી રાત સુધી વાહનોની અવરજવર રહે છે. પરંતુ શહેરની રોનક કોરોનાએ છીનવી લીધી છે.વાહનોનો ધમધમાટ સાવ બંધ થઈ ગયો છે અને માર્ગો એકદમ સુમસામ બની ગયા છે. માર્ગો પરની અવરજવર સાવ ઓછી થતાં નીલગાયજેવા પ્રાણીઓ છેક શહેરમાં આવી જાય છે. મુખ્ય માર્ગ ઘ રોડ પર નીલગાયની અવરજવર ખૂબ વધી ગઈ છે.

# છાલામાં અસ્થિર મગજના વ્યકિતને પોલીસે માર માર્યો..!

ગાંધીનગર, તા.૮

કોરોના વાયરસને લઈ વૈશ્વિક મહામારી સર્જાઈ છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે લોકડાઉન કરવામાં આવી રહ્યું છે. ત્યારે પોલીસ કર્મચારીઓ રાત-દિવસ કોરોના વારીયર્સ તરીકે લડી રહ્યા છે. જીવના જોખમે ફરજ બજાવતા નાગરીકો તેમની કામગીરીને બિરદાવી સલામ કરી રહ્યા છે. ત્યારે કેટલાક પોલીસ કર્મચારીઓને પગલે પોલીસ અધિકારી અને તંત્રને પણ શરમ અનુભવવી પડે છે. ત્યારે ગાંધીનગર નજીક આવેલા છાલા ગામે એક અસ્થિર મગજના આધેડને પોલીસે દંડા અને ગડદાપાટુનો માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. અસ્થિર મગજના વ્યકિતને માર મારતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ છાલા ગામના હમીરભાઈ રાજાભાઈ જેપાલ નામના આ આધેડ રેશનકાર્ડનું અનાજ લેવા માટે નીકળ્યા હતા. આ સમયે છાલા આઉટ પોસ્ટના બે જવાનોએ કંઈ પુછ્યા વિના પોલીસ સ્ટેશન લઈ જવાનું કહ્યું હતું. જેથી આધેડે ના પાડતા જવાનોએ ફોન કરીને બીજા બે માણસોને બોલાવ્યા હતા. ત્યારબાદ આધેડનો પકડીને બાઈક સાથે દોડાવીને દંડા તેમજ પથ્થરો માર્યા હતા. જે બાદ છાલા આઉટપોસ્ટ ખાતે લઈ જઈને પણ અસ્થિર મગજના આધેડને ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. આધેડના પરિવારજનોએ માર ન મારવા માટે અને તે માનસિક રીતે અસ્થિર હોવાની કહીને જવા દેવા અપીલ કરી હતી. પરંતુ ભાન ભુલી ગયેલા જવાનો સમજયા ન હતા અને આધેડના કપડા પણ ફાડી નાંખ્યા હતા આધેડને બેઠો



માર વાગતા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયાં તેમની સારવાર કરવામાં આવી હતી. લોકડાઉનમાં ગાંધીનગર પોલીસની કામગીરી પ્રશંસનીય છે જેનો પગલે નાગરીકો દ્વારા ફુલો અને પુષ્પવર્ષા કરીને સન્માનવામાં આવે છે. રાજય પોલીસ વડા દ્વારા પણ રાજયના નાગરીકો સાથે સંવેદનશીલતાથી કામ લેવાનું કહ્યું છે. તેમ છતા કેટલાક જવાનોને લીધે પોલીસની કામગીરી પર પાણી ફરી વળે છે.

ત્યારે આ અંગે ચિલોડા પોલીસ મથકના પીઆઈ એચ.એ.જાડેજાએ જણાવ્યું હતું કે છાલા ખાતે સ્ટાફ ગયો હતો, ત્યારે તે બહાર બેઠા હતા. એટલે પોલીસે ઘરે જવાનું કહેતા તેમણે ગાળો બોલી હતી. જેથી પોલીસ આધેડને પકડવા જતા તે ભાગ્યા હતા અને પડી ગયા હતા. આધેડને પકડીને પોલીસ સ્ટેશન લાવતા આગેવાનોએ આવીને તેઓને દવા ચાલતી હોવાનું કહેતા અમે આધેડ સામે કેસ કર્યો ન હતો.

# રાંધેજા મૈત્રી એવન્યુ ખાતે બે મકાનમાંથી ગુટખાનો સામાન જપ્ત કરાયો

## માસ્ક અને કામ વિના આંટાફેરા મારતા નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર માણસા માર્ગ પર રાંધેજા સ્થિત મૈત્રી એવન્યુ સોસાયટી ખાતે આવેલા બે મકાનમાં ગુટખાનું વેચાણ થઈ રહ્યુ હોવાનું માહિતીને પગલે ગાંધીનગર એલસીબી પીએસઆઈ વી.કે.રાઠોડની ટીમે રેઈડ પાડી હતી. આ સોસાયટીના મકાન નં.૭૩ ખાતે વસવાટ કરતા કનુભાઈ પ્રહલાદભાઈ પટેલના ઘરે થી બીડી, સીગારેટ તેમજ તમાકુની બનાવટનો કુલ રૂ.૯૯૯૪ નો કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે મકાન નં.૨૫ ખાતે રહેતા ગણપતભાઈ જીવતરામ પટેલના ઘરે પણ પોલીસે ચેક કરતા તમાકુનો રૂ. ૪૪૭૮ નો વિવિધ મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે બંન્ને સામે પેથાપુર પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો હતો. જયારે બીજીતરફ સેકટર-૨૧ પોલીસે બાતમીને પગલે સે-૨૪ ડબલડેકર મકાન નં૨૨૩ ખાતે રેઈડડ કરી રૂ.૪૨૦૦ની ૧૦.૫૦૦ ગ્રામ સોપારી મળી આવી હતી. પોલીસે દિલિપભાઈ ખેંગારજી માલી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે અડાલજ પોલીસે હાઈ વે પર ઢાબો ચાલુ રાખનાર ગોવિંદરામ વાટુમલ ચાવરે સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજીબાજુ ચિલોડા પોલીસે મોં પર માસ્ક વિના ફરતા આલમપુર પાટીયા પાસેથી બાઈક પરથી અમાજી લાલાજી ઠાકોર અને મહેશજી લક્ષ્મણજી ઠાકોર અને ચિલોડા સર્કલ નજકથી સંજયસિંહ ભમ્મરસિંહ વાઘેલા અને રાકેશસિંહ મગનસિંહ રાઠોડને પકડી પાડ્યા હતા.જયારે શહેર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન ચ-૦ સર્કલથી ૩, વાવોલ પાસે ખ માર્ગથી ૪, સે-૧૩ થી ૧, સે-૩ થી ૨, પ્રેસ સર્કલથી ૧, સે-૨૫ થી ૨ તેમજ ઉનાવા થી ૨, લવારપુરથી ૧, એ સાદરાથી ૨ નાગરીકોને બિનજરુરી રીતે ફરતા પકડી પાડ્યા હતા.

કોરોના વાયરસના સંક્રમણથી બચવા લૉકડાઉનનો કડક અમલ થઈ રહ્યો છે અને તેમાં પણ પોલીસ કર્મીઓનો ફાળો અમૂલ્ય છે. તેમની આ કામગીરીને બિરદાવવા અન્નપૂર્ણા વિલેજ હેરીટેજ રેસ્ટોરન્ટ ટીમ દ્વારા પોલીસ કર્મચારીઓનું રક્ષાશકિત સર્કલ ખાતે પુષ્પોથી સન્માન કરવામાં આવ્યું હતું.



## વાવોલના ગ્રામજનોનું સંપૂર્ણ લોકડાઉનને અદભૂત સમર્થન



વાવોલ વિસ્તારમાં કોરોના કોવિદ-૧૯ વાયરસ સંક્રમણના વધતાં જતાં ખતરાને પગલે ત્રણ દિવસ માટે દૂધ-દવા વિતરણ સિવાય સંપૂર્ણ લોકડાઉનને લાગુ કરવામાં આવ્યું છે જેના પગલે વાવોલના બજારોમાં સૂનકાર વ્યાપી જવા પામ્યો હતો. વાવોલના ગ્રામજનોએ ગ્રામ પંચાયતના નિર્ણયને સ્વીકારી લઈને ગામમાં સંપૂર્ણ લોકડાઉન પાળવા માટે સ્વયંભુ શિસ્તના દર્શન કરાવતા પોતપોતાના ઘરમાં જ રહેવાનુ મુનાસિબ માન્યું હતું જેના કારણે ગામની ગલીઓ તદન ભેંકાર ભાસતી હતી.

# ગાંધીનગરના રાજસ્થાન સમાજે “અસલી હિરો” કોરોના વોરિયર્સનું સન્માન કર્યું



ગાંધીનગર, તા.૮

ગાંધીનગરમાં કોરોના કોવિડ-૧૯ મહામારીમાં પોતાના જીવના જોખમે કોરોના વોરિયર્સ લડત આપી રહ્યા છે. આજે ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા શહેરના કેટલાક કોરોના વોરિયર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

કોરોના વાયરસના સંક્રમણથી નાગરિકોને બચાવવા પોલીસ કર્મીઓ, તબીબો તેમજ તેમનો સહયોગી સ્ટાફ, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના કર્મયોગીઓ, સફાઈ કર્મચારીઓ વગેરે પોતાનો તથા પોતાના પરિવારનો પણ જીવ જોખમમાં મૂકીને દિવસ-રાત કાર્યરત છે. આ કોરોના વોરિયર્સને તેમની આ અમુલ્ય સેવાઓ બદલ તેમના પ્રત્યે આભાર પ્રગટ કરવા તથા તેમનું સન્માન કરવાનો ઉપક્રમ ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ કાર્યમાં સંસ્થાના અધ્યક્ષ તુલસીભાઈ માલી, કાર્યાલય મંત્રી તલકાજી અને સાથે રમેશભાઈ પંચાલ, મુકેશકુમાર પ્રજાપતિ, વિક્રમસિહ પુરોહિત, માંગીલાલ ગુર્જર, મોતીલાલ મહારાજ વગેરે સહિત અગ્રણીઓએ મળીને કોરોના વોરિયર્સને પુષ્પ, પ્રસંશાપત્ર અને સ્મૃતિ ભેટ અર્પણ કરી તેમનું સન્માન કરવા સાથે તમામ કોરોના વોરિયર્સને ઉનાળાની કાળઝાળ ગરમીમાં સેવા આપી રહ્યા હોવાથી શીતળ શિકંજી પીવડાવી તેમની સેવાઓ બદલ આભાર માન્યો હતો. આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ તુલસીભાઈ માલીએ જણાવ્યુ હતું કે “સંદીપભાઈ ગઢવી અને ધર્મેન્દ્રભાઈ પવાર જેવા અનેક નીડર સેવાકર્મીઓ આ દેશના અસલી હિરો છે.” અત્રે ઉલ્લેખનીય છે કે રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટનાં હોદેદારોએ લોકડાઉનના કારણે જાહેર કાર્યક્રમ યોજવા પર પ્રતિબંધ હોવાથી દરેક કોરોના વોરિયર્સનું તેમના કામના સ્થળોએ જઈને સોશિયલ ડિસ્ટન્સિંગ તેમજ માસ્ક સહિતના સુરક્ષાના એકમોનું પાલન કરવા સાથે સન્માન કર્યું હતું.

### ચિરવિદાય

● સ્વ. રબારી ખોડાભાઈ વરવાભાઈ, ઉ.વ. ૬૨